

સિદ્ધ છે તે જાણનાર—દેખનાર છે તેમ તું પણ જાણનાર દેખનાર જ છો. અધૂરા-પૂરાનો પ્રશ્ન જ નથી. જાણનાર—દેખનારથી જરીક ખસ્યો એટલે કર્તૃત્વમાં જ ગયો એટલે સિદ્ધથી જુદો પડ્યો. એક ક્ષણ સિદ્ધથી જુદો પડે તે મિથ્યાદૃષ્ટિ છે તે યથાર્થ વાત છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

કહાન સં. ૨૩ સં. ૨૦૬૦ [૭૨૧] * આત્મધર્મ * [અંક-૫ વર્ષ-૬૦] વીર સં. ૨૫૩૦ નવેમ્બર-૨૦૦૩

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ જે મૂર્ખ ગુણ-દોષને જાણતો નથી તે પંડિતો પ્રત્યે મધ્યસ્થ કઈ રીતે રહી શકે?—ક્રોધાદિક કેમ ન કરે? કરે જ. કેમ કે તેને પંડિત—વિબુધજનોના ગુણોની પરખ નથી. વિષ અને અમૃત જેને તુલ્ય છે તે મધ્યસ્થ કેમ હોય? ૭૯૫. *(આચાર્ય શ્રી ધરમદાસ, ઉપદેશ સિદ્ધાંત રત્નમાળા, ગાથા–૧૦૨)*

❀ ખરેખર ક્ષાયિક જ્ઞાનનું, સર્વોત્કૃષ્ટતાના સ્થાનભૂત પરમ માહાત્મ્ય છે; અને જે જ્ઞાન એકીસાથે જ સર્વ પદાર્થોને અવલંબીને પ્રવર્તે છે તે જ્ઞાન—પોતામાં સમસ્ત વસ્તુઓના જ્ઞેયાકારો ટંકોત્કીર્ણન્યાયે સ્થિત હોવાથી જેણે નિત્યત્વ પ્રાપ્ત કર્યું છે અને સમસ્ત વ્યક્તિઓ પ્રાપ્ત કરી હોવાથી જેણે સ્વભાવપ્રકાશક ક્ષાયિકભાવ પ્રગટ કર્યો છે—એવું ત્રણે કાળ સદાય વિષમ રહેતા અને અનંતપ્રકારોને લીધે વિચિત્રતાને પામેલા એવા આખાય સર્વ પદાર્થોના સમૂહને જાણતું થકું, અક્રમે અનંત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને પહોંચી વળતું હોવાથી જેણે અદ્ભુત માહાત્મ્ય પ્રગટ કર્યું છે એવું સર્વગત જ છે. ૭૯૬. *(શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર–ટીકા, ગાથા–૫૧)*

❀ જેઓએ અંતરંગદૃષ્ટિથી અલૌકિક સિદ્ધસ્વરૂપ તેજને જોયું નથી તે મૂર્ખ મનુષ્યોને સ્ત્રી, સુવર્ણ આદિ પદાર્થ પ્રિય લાગે છે, પરંતુ જે ભવ્ય જીવોનું હૃદય સિદ્ધોના સ્વરૂપરૂપી રસથી ભરાઈ ગયું છે તે ભવ્ય સમસ્ત સામ્રાજ્યને તણખલાં સમાન જાણે છે તથા શરીરને પર સમજે છે અને તેને ભોગ રોગ સમાન લાગે છે. ૭૯૭.

*(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, સિદ્ધસ્તુતિ, શ્લોક–૨૨)*

❀ આ જીવ અતિ વ્યાકુળ બની સર્વ વિષયોને યુગપત્ ગ્રહણ કરવા માટે વલખાં મારે છે, તથા એક વિષયને છોડીને અન્યનું ગ્રહણ કરવા માટે આ જીવ એવાં વલખાં મારે છે, પણ પરિણામે શું સિદ્ધ થાય છે? જેમ મણની ભૂખવાળાને કણ મળ્યો પણ તેથી તેની ભૂખ મટે? તેમ સર્વ ગ્રહણની જેને ઇચ્છા છે તેને કોઈ એક વિષયનું ગ્રહણ થતાં ઇચ્છા કેમ મટે? અને ઇચ્છા મટ્યા વિના સુખ પણ થાય નહિ. માટે એ બધા ઉપાય જૂઠા છે. ૭૯૮. *(શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગપ્રકાશક, અધિ.–૩, પાનું–૫૨)*

*

કહાન
સંવત-૨૩
વર્ષ-૬૦
અંક-૫
[૭૨૧]




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વીર
સંવત
૨૫૩૦
સં. ૨૦૬૦
November
A.D. 2003

### દર્શન-જ્ઞાન-ચારિત્રની વૃદ્ધિ હેતુ

# નિરંતર સ્મરણમાં રાખવા યોગ્ય ભાવના

(પૂજ્ય ગુરુદેવશ્રીનું વૈરાગ્યમય પ્રવચન; શ્રી અષ્ટપાહુડ-ભાવપાહુડ, ગાથા-૧૧૦)

આ શ્રી અષ્ટપાહુડ શાસ્ત્રમાં આચાર્ય કુંદકુંદદેવે ભાવપાહુડમાં દીક્ષાકાળાદિ ભાવનાનો ઉપદેશ કર્યો છે. ગાથાનો અર્થ અને ભાવાર્થ થઈ ગયા પછી કૌંસમાં વિશેષ ભાવાર્થ આપ્યો છે.

નિરંતર સ્મરણમાં રાખવું. શું ? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વૃદ્ધિ હેતુ હે મુનિ ! દીક્ષાના સમયની અપૂર્વ ઉત્સાહમય તીવ્ર વિરક્તદશાને...સ્વભાવનો માલ જે અનંત દર્શન, અનંત જ્ઞાન, અનંત સુખાદિ સ્વરૂપ વસ્તુ તેની ઓળખાણ થઈને પ્રતીતિ થઈ છે તેનું જ્ઞાન થયું છે અને તેમાં રમણતા થઈ છે તે ત્રણેયની વૃદ્ધિ માટે હે મુનિ ! તમે જ્યારે દીક્ષા લીધી હતી તે વખતના ઉત્કૃષ્ટભાવને યાદ કરજો. દીક્ષા સમયે તો એવી અપૂર્વ ઉત્સાહવાળી તીવ્ર વિરક્તિ હોય છે કે પરમાં બિલકુલ લક્ષ ન કરું અને અંતરમાં ઠરી જાઉં એવી તીવ્ર ઉત્સાહ દશા હોય છે. શુદ્ધિની વૃદ્ધિ કેમ થાય તેનું જ એકમાત્ર લક્ષ છે તે કેમ સફળ થાય ? કે રાગરહિત, સ્વરૂપ તરફ વલણવાળું ચિંતવન એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વૃદ્ધિનું કારણ હોવાથી તે વડે તેની સફળતા થાય છે.

આ સાચી દીક્ષાની વાત છે. અત્યારે જે દીક્ષા લે છે એવી દીક્ષાની વાત નથી.

દીક્ષા લેવાના કાળે તે આખી દુનિયાથી ઉદાસ...ઉદાસ થઈ ગયો હોય છે. ઉદયભાવથી પણ ઉદાસી હોય છે. ઉદય અને ઉદયભાવથી ખસીને એકદમ અંતરમાં

જાઉં એવો ઉત્સાહ હોય છે. ધ્યાનમાં સીધું સાતમુ ગુણસ્થાન આવે છે. જયધવલમાં આવે છે કે 'મેં તો શુદ્ધોપયોગને અંગીકાર કર્યો છે, જેમાં શુભભાવ પણ ન આવે એવી ઉગ્ર પ્રતિજ્ઞા કરી હતી પણ આ આહાર લેવાનો વિકલ્પ ઉઠ્યો તેમાં મારી પ્રતિજ્ઞા ભંગ થઈ ગઈ.'

દિગંબર સંતોની વાણી તો જુઓ ! મેં તો મારા સ્વરૂપમાં રમવાની પ્રતિજ્ઞા કરી હતી. બીજો કોઈ ભાવ ન હતો છતાં આ શુભભાવ આવ્યો તેમાં મારી પ્રતિજ્ઞાનો ભંગ થયો છે. જયધવલમાં અને મોક્ષમાર્ગપ્રકાશકમાં પણ આવે છે કે શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ એ જ મોક્ષનું સાક્ષાત્ સાધન છે માટે શુદ્ધોપયોગમાં રમવું એ જ મારું કર્તવ્ય છે તેને મેં અંગીકાર કર્યો છે. ઉદયભાવથી તો હું મરી ગયો છું. આવી ઊંચી ભાવનાને યાદ કરી તેમાં ઉગ્રતા કરે છે. શુભ ઉપયોગ આવી જાય છે-મહાવ્રતાદિના ભાવ થાય છે, ધર્મોપદેશનો ભાવ આવે છે, આહારનો વિકલ્પ ઉઠે છે તેમાં મુનિને પોતાની પ્રતિજ્ઞાનો ભંગ થયો લાગે છે, તેથી સમાધિમરણ સમયે ફરી શુદ્ધોપયોગમાં રહેવાની પ્રતિજ્ઞા લે છે પછી સમાધિપૂર્વક દેહ છોડે છે.

આ તો મુનિની વાત છે પણ દેહ છૂટવાનો સમય તો બધાને આવશે ને ! જુવાનોને પછી આવશે એવું નક્કી છે ?

પરચીજથી તો તદ્દન ઉદાસ છે અને સ્વરૂપમાં સાવધાન છે એવા મુનિ દીક્ષાવખતની અપૂર્વ ભાવનાને યાદ કરીને ઉત્સાહ અને વિરક્તિ પૂર્વક સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં વૃદ્ધિ કરે છે.

દીક્ષા એટલે શું ?--કે આત્માનો જે કાયમી જ્ઞાનસ્વભાવ, દર્શનસ્વભાવ, આનંદસ્વભાવ, પ્રભુતાની પૂર્ણતાનો, સ્વચ્છતાનો ભાવ તેને પ્રતીતિમાં તો લીધો છે પણ હવે મારે તેમાં રમવું છે, મારા ઘરની ચીજમાં મારે રમવું છે એવો ભાવ થાય છે તેનું નામ દીક્ષા છે.

વસ્તુની આવી સ્થિતિ છે એમ પ્રથમ જાણવું તો પડશે ને ! એક સમયની પર્યાય તો ક્ષણિક છે. મૂળ માલ તો વસ્તુનો કાયમીસ્વભાવ છે. પર્યાય તો માલનું માપ કરનાર છે. જેને માલનું માપ થઈ ગયું છે તેને હવે એક જ ભાવના છે કે કેમ કરીને માલમાં ઠરી જાઉં ! એ માટે જ દીક્ષા લીધી છે.

એક છોકરીને હડકાયું કૂતરું કરડી ગયેલું તો તેને હડકવા થયો એટલે કહી ન શકાય તેવી પીડા અને તેમાં તેને પાણી પીવા ન દેવાય, પવન પણ ન નખાય,

ક્યાંય ચેન ન પડે. આવા રોગ જોઈને વૈરાગીને કેવો વૈરાગ્ય આવે ! પીડા ભોગવીને અંતે ૨૪ કલાકે દેહ છૂટી જાય. શરીરની દશા આવી છે ! એક ગાયને પણ આવા રોગમાં જોઈ હતી. નીરોગી જુવાન લઠ્ઠ જેવું શરીર હતું પણ હડકવા થયો એટલે એવી દશા થઈ ગઈ કે ક્યાંય ચેન ન પડે. આમથી તેમ ફર્યાફર કરે, તરફડિયા મારી મારીને અંતે મરી ગઈ.

આવા રોગના કાળે જે વૈરાગ્યની વૃદ્ધિ થઈ હોય તેને મુનિ હંમેશા યાદ રાખે છે. બીજાને રોગ થયો છે એમ નહિ પણ મને આવો રોગ થયો હોય તો હું શું ભાવના કરીશ એમ વિચાર કરે છે. લાઠીવાળી બાઈની વાત કરીએ છીએ ને ! આખા શરીરમાં ઈયળ પડી ગઈ. જુવાન રૂપાળા શરીરની આવી દશા ! ન ખાવું ભાવે, ન પીવુ ભાવે, ન ઊંઘ આવે, ન જાગતા સહન થાય, પડખું ફરે ત્યાં ઈયળ પડે એવી સ્થિતિ શરીરમાં થાય ત્યારે તેનાથી જે વૈરાગ્ય ઉપજ્યો હોય તેને હંમેશા યાદ રાખીને, વૈરાગ્ય વધારી તેનાથી ભેદજ્ઞાન કરી, આત્માની સન્મુખતાની વૃદ્ધિ કરે છે.

શરીર તો રોગનું જ ઘર છે. તેમાં ૫ કરોડ ૬૮ લાખ ૯૯ હજાર ૫૮૪ રોગ છે. ૩૭ મી ગાથામાં આગળ આવી ગયું કે એક એક અંગુલમાં ૯૬ રોગ છે તો આખા શરીરમાં કેટલા થાય ! એ રોગ ફાટે ત્યારે ખબર પડે. ભલે પોતે કરોડપતિ શેઠિયો હોય, અનુકૂળ સંયોગોનો પાર ન હોય, ઘરના લોકો ખોરાક લઈને તૈયાર ઊભા હોય પણ શું કોઈ તેને રોગથી છોડાવી શકે ? કોઈ તેને બચાવી શકે ? આવી દશાને યાદ કરજે અને ખાધા-પીધા ને મજા કરી એવા ભાવને ભૂલી જજે.

પોતાને કોઈ રોગ ઉત્પત્તિના સમયે આવેલી ઉગ્ર જ્ઞાન-વૈરાગ્ય સંપત્તિને હંમેશા યાદ કરજે એમ મુનિરાજ મુનિઓને ઉપદેશ આપે છે.

શરીરમાં અગ્નિના તણખા લાગતાં હોય એવી બળતરા થતી હોય, આંતરડામાં અગ્નિ બળતી હોય...એવા રોગના સમયે ઉત્પન્ન થયેલી જ્ઞાન-વૈરાગ્યની સંપત્તિને યાદ કરજે. શરીરના રજકણો પણ જ્યાં મારા ધાર્યા પ્રમાણે થતાં નથી તો બીજા કોણ મારા ધાર્યા પ્રમાણે પરિણમે ! એમ સમાધાન કરજે અને જ્ઞાન-વૈરાગ્ય ભાવનાને ઉગ્ર કરજે. મોક્ષમાર્ગની વૃદ્ધિહેતુ હે મુનિ ! આવી ભાવના કરજે, બીજું બધું ભૂલી જજે.

જડના રોગના કાળે જ્ઞાનીના જ્ઞાન-વૈરાગ્યની દશાને યાદ કરજે. રાગથી ભોગવેલાં ભોગોને યાદ કરીશ નહિ, ભોગોમાં તો રાગના રૂદન હતાં, આત્માની શાંતિ ત્યાં રગડાઈ જતી હતી. અંતરના માલની શુદ્ધિની વૃદ્ધિ માટે આવી ભાવના કરજે એમ કહે છે. તારી અંદર માલ તો અખૂટ ભર્યો છે. ધ્રુવ તો તારો મોટો ગોદામ છે.

આ વાત કેમ બેસે ! જરૂર બેસે. કેમ કે તું એક આત્મપદાર્થ છો. તું કાંઈ એક સમયની દશામાં આવી ગયો નથી. પૂરો માલ રાખીને બેઠો છે. માટે, આ તો જેને આત્મકલ્યાણ કરવું હોય તેને શ્રદ્ધામાં બેસે તેવી વાત છે. બીજાને તો એમ થાય કે, અમારે સંસારમાં કાંઈ કરવાનું જ નહિ !.... ભાઈ ! તું રાગ-દ્વેષ અને સંકલ્પ-વિકલ્પ સિવાય બીજું શું કરી શકે તેમ છો ?

૧. દીક્ષા સમયની અપૂર્વ ઉત્સાહમય તીવ્ર વિરક્તદશા અને ૨. રોગ-ઉત્પત્તિના સમયની તીવ્ર જ્ઞાન-વૈરાગ્ય સંપત્તિને સ્મરણમાં રાખવાની વાત થઈ. હવે ૩. કોઈ દુ:ખના અવસરે પ્રગટ થયેલી ઉદાસીનતાની ભાવનાને તથા ૪. કોઈ ઉપદેશ અથવા તત્ત્વવિચારના ધન્ય અવસરે જાગેલી પવિત્ર અંત:ભાવનાને પણ નિરંતર સ્મરણમાં રાખજે, ભૂલીશ નહિ એમ મુનિરાજ ઉપદેશ આપે છે.

કોઈ દુ:ખના અવસરે પ્રગટેલી ઉદાસીનતાની ભાવના... જે પ્રસંગમાં અજ્ઞાની મુંઝાઈને દુ:ખી-દુ:ખી થઈ જાય છે એવા જ પ્રસંગમાં જ્ઞાની વૈરાગ્ય લાવીને પોતાના દર્શન-જ્ઞાન-ચારિત્રની વૃદ્ધિ કરે છે. દીકરો મરી ગયો હોય, જુવાન દીકરી વિધવા થઈ હોય, મકાનમાં આગ લાગી હોય અને તે જ વખતે વીમાવાળો ભાંગ્યો હોય, ચારે બાજુથી પ્રતિકૂળ પરિસ્થિતિમાં ઘેરાઈ ગયો હોય એવા સમયે તું જ્ઞાન-વૈરાગ્યની ભાવનાને સ્મરણમાં રાખજે.

જુવાન દીકરી, પાળી-પોષીને મોટી કરી હોય, પરણાવવાની તૈયારી હોય ત્યાં છોકરી હરિજનને પરણીને ચાલી જાય કે ખ્રીસ્તી આદિને લઈને ભાગી જાય એ સમયે મા-બાપને શું થતું હશે ! આ કાળ એવો છે કે વૈરાગ્યના જ કારણો દેખાય છે. છોકરીઓને મોટરમાં ફરવાની છૂટ આપી હોય પછી ડ્રાઈવરને લઈને ભાગી જાય... ધર્મીના ઘરે પણ આવો પ્રસંગ આવી ગયો હોય તે વખતે તેને અંદરમાં જે વૈરાગ્યની ધારા ચાલી હોય તેને યાદ કરજે. પાંચમાં પોતે પૂછાતો હોય અને ઘરમાં જ આવા પ્રસંગ બને ત્યારે સમાજમાં મોઢું દેખાડવા લાયક ન રહે એવી શરમ લાગે ત્યારે પ્રગટેલી ઉદાસીનતાને તું યાદ કરજે.

શિયાળાના દિવસોમાં સાલમપાક કર્યો હોય અને ઘરમાં જુવાન દીકરો મરી જાય તો એ પાક ઉપરથી કેવો ઉદાસ-ઉદાસ થઈ જાય ! એક પિતાને એક જ દીકરી, ઘરમાં બીજું કોઈ નહિ, પોતાને અફીણનું બંધાણ હતું પણ જ્યાં એ દીકરી મરી ગઈ ત્યારે તેને એટલો બધો વૈરાગ્ય આવી જાય છે કે બીજા તેને અફીણ પીવાનું કહે છે તોપણ પીતો નથી. અરે ! એ એકની એક દીકરી હતી તેના વગર પણ મારે ચલાવવું

પડશે તો અફીણ વિના નહિ ચાલે ! અફીણની ડબ્બી એ વખતે જ ફેંકી દીધી... આવા પ્રસંગને બાપુ ! તું યાદ કરજે એમ મુનિરાજ ધર્મીને ઉપદેશે છે.

જેને ચૈતન્યના માલવાળું તત્ત્વ ખ્યાલમાં આવી ગયું છે, અતીન્દ્રિય આનંદનો ગોદામ જેણે કબજે કરી લીધો છે, જેટલો અતીન્દ્રિય આનંદ જોઈએ એટલો અંદરથી કાઢી શકું છું એવી જેને પ્રતીતિ થઈ છે, જ્ઞાન થયું છે અને એવા સ્વરૂપમાં રમણતા થઈ છે એવા ધર્મીની શુદ્ધિને યાદ કરીને તું તારી શુદ્ધિને વધારજે. 'કોઈ મારું નથી અને હું કોઈનો નથી' એવી શ્રદ્ધા તો છે પણ આ તો ચારિત્રની શુદ્ધિ વધારવાની ભાવના છે. વસ્તુનો સ્વભાવ જ મને શરણ છે, જગતમાં બીજું કોઈ શરણ નથી એમ ભાવના કરીને દર્શન-જ્ઞાન-ચારિત્રની શુદ્ધિને વધારે છે.

કોઈ ઉપદેશ એવો મળે કે એ ધન્યપળે અંતરથી પવિત્ર ભાવના જાગૃત થઈ જાય અથવા પોતાને એવો તત્ત્વવિચાર આવે કે 'હું જ આનંદસ્વરૂપ છું'.... એવું અંદરથી ઉલ્લસિત વીર્ય ફાટ્યું હોય તે ધન્ય સમયે આનંદના નાથને જગાડીને શ્રદ્ધા-જ્ઞાન-સ્થિરતામાં લાવ્યો હોય એવા ધન્ય અવસરે ફાટેલા વૈરાગ્યભાવને ફરી ફરી યાદ કરીને અંતરંગ શુદ્ધિને વધારજે, આવા પ્રસંગને ભૂલીશ નહિ.

આ રીતે ગાથાના વિશેષ ભાવાર્થમાં કહ્યું કે હે ધર્માત્મા ! નિરંતર સ્વસન્મુખ-જ્ઞાતાપણાનો પુરુષાર્થ સ્મરણમાં રાખજે. ભૂલીશ નહિ.

આગળ કહે છે કે ભાવલિંગ શુદ્ધ કરીને પછી દ્રવ્યલિંગ સેવન કરજે. સમ્યગ્યદર્શન પ્રાપ્ત કર્યા પછી દ્રવ્યલિંગ ધારણ કરજે. સમ્યગ્દર્શન વિના બાહ્યલિંગ ધારણ કરીશ તો તેમાં કાંઈ લાભ નહિ થાય.

**सेवहि चउविहलिंगं अब्भंतर लिंग सुद्धिमावण्णो।**
**बाहिर लिंगमकज्जं होइ कुडं भावरहियाणं॥१११॥**

અર્થ :—હે મુનિવર ! તું અભ્યંતરલિંગની શુદ્ધતાને પ્રાપ્ત થઈને ચાર પ્રકારના બાહ્યલિંગનું સેવન કરજે કેમ કે જે ભાવરહિત હોય છે તેને પ્રગટપણે બાહ્યલિંગ અકાર્ય છે અર્થાત્ કાર્યકારી નથી.

'હું પૂર્ણાનંદનો નાથ છું' એવી જેને અનુભવમાં પ્રતીતિ થાય ત્યારે તેને અભ્યંતરલિંગ પ્રગટ થયું કહેવાય. આત્મા કેવો છે ?--કે અતીન્દ્રિય આનંદનું દળ-પિંડ છે તેની સાથે દેખાતું આ શરીર કાંઈ આત્મા નથી. જડ-ધૂળ છે, કર્મ પણ જડ છે. શુભાશુભ ભાવ થાય છે તે વિકારી છે. જેમાં જ્ઞાનનો અંકુર નથી એવા રાગને આત્મા

કેમ કહેવો ? તે રાગ ભલે વ્રતનો હોય, તપનો હોય કે પૂજાનો હોય પણ તે જીવનો સ્વભાવ નથી. માટે તે અચેતન છે, તેની પાછળ આખો ચૈતન્યનો માલ પડ્યો છે. અતીન્દ્રિય આનંદનો દૂધપાક અંદરમાં પડ્યો છે, તૈયાર પડ્યો છે. તેની ઓળખાણપૂર્વક પ્રતીતિ કર !

હું કોણ છું, ક્યાં છું, કેવો છું તેની ખબર નથી. એ ખબર તો પહેલાં કર ! ભગવાન આત્મા અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય સ્વચ્છતા અને અતીન્દ્રિય પ્રભુતાથી પૂર્ણ ભરેલો છે. બહારની પ્રભુતા એ પ્રભુતા નથી. ડૉકટરની પદવી, શેઠની પદવી એ બધી જડની પદવી છે. અંદરમાં પોતે પ્રભુતાના સામર્થ્યથી ભરેલો છે તેનો વિશ્વાસ લાવે ત્યારે પ્રભુતા પ્રગટે. કોઈ એમ કહે કે આવો સામર્થ્યવાળો છે તો તેની દશા આવી કેમ ! એનું કારણ એ કે તેને પ્રભુતાનો વિશ્વાસ નથી. ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ આત્માને આવો સામર્થ્યવાન કહે છે તેની એને ખબર પણ નથી. જીવમાં અનંત બળ છે, અનંત જ્ઞાન છે, અનંત સામર્થ્યનો પાર નથી એટલી પ્રભુતા અંદર રહેલી છે. તેનો સ્વીકાર આવે તેને સામર્થ્યનો લાભ છે. જેને સામર્થ્યની ખબર નથી, ભરોંસો નથી તેને તો સામર્થ્ય હોવા છતાં, નહિ હોવા સમાન છે.

જેમ મોટા તળાવમાં અંદર ઉતરવું હોય તો પગથિયેથી ઉતરાય. કાંઈ કિનારેથી આમ ને આમ ન ઉતરાય. તેમ આ ચૈતન્યતળાવમાં ઉતરવા માટે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પગથિયા છે, બીજી રીતે અંદરમાં ઉતરી ન શકાય.

ભગવાન અતીન્દ્રિય રસથી છલોછલ ભરેલો છે પણ રૂપિયા કમાતા ખુશ થઈ જાય અને બાયડી છોકરા સારા મળતાં ખુશી થઈ જાય તેને આ પૂર્ણાનંદના નાથની વાત કેમ બેસે ! પ્રભુતાના પ્રમાણને આંકવાની દૃષ્ટિ તેની પાસે નથી. તે તો પામરતાને પ્રભુતા તરીકે આંકે છે.

આવા આત્મસ્વરૂપના ભાન વિના બાહ્યલિંગ શ્રાવકપણું કે મુનિપણું લઈને બેસે તેને હજુ મિથ્યાત્વ જ છે. અહો આ ભાવપાહુડ ! એક એક ગુણથી પૂરો એવો ચૈતન્યસ્વભાવ જેવો છે તેવો ઓળખીને, અનુભવ કરીને પછી લિંગ ધારણ કરજે. સમ્યગ્દર્શન વિના લિંગ ધારણ કરીને ચારિત્ર માનીશ તો હેરાન થઈ જઈશ એમ આ ભાવપાહુડમાં કુંદકુંદાચાર્ય કહે છે. અત્યારે તો નાના નાના બાળકોને દીક્ષા આપે છે. અરે ! જેને દીક્ષા શું તેનું પણ ભાન નથી એને દીક્ષા આપો એ દીક્ષાની કિંમત શું ? શાકભાજી જેવું કરી નાખ્યું છે.

ભાઈ ! એકવાર અનુભૂતિમાં આત્માનો સ્વાદ લઈને પછી તું લિંગ ધારણ

કરજે ! એ વિના લિંગ ધારણ કરીશ તો બધું નિરર્થક જશે. એવા લિંગ તો પૂર્વે અનંતવાર ધારણ કર્યા પણ શુદ્ધિ પ્રગટ ન થઈ.

જેને આત્માના અતીન્દ્રિય આનંદના સ્વાદની ખબર નથી તેને આ બાહ્યલિંગ અકાર્યકારી છે. વસ્ત્ર સહિત સાધુપણું લે છે તેને તો દ્રવ્યલિંગ પણ સાચું નથી. પણ નગ્નલિંગ ધારણ કરે તોપણ સમ્યગ્દર્શન વિના કાંઈ કાર્યકારી નથી. આવું સાંભળી તેને દુઃખ લાગે પણ આ તો વસ્તુની સ્થિતિનું સ્પષ્ટીકરણ છે તે તેના હિત માટે છે. દુઃખ લગાડવા જેવી વાત નથી. મિથ્યાત્વના સેવનથી એ દુઃખમાં જ પડ્યાં છે અને તેના ફળમાં પણ દુઃખ જ મળવાના છે. એ જીવનો અનાદર કેમ કરવો ! તેનું સ્વરૂપ જેમ છે તેમ જાણવું, તિરસ્કાર ન કરવો.

શુદ્ધચૈતન્યની શુદ્ધતા જેમાં સાક્ષાત્ થાય, ભાન થાય, અનુભવ થાય એવા સમ્યગ્દર્શનને ધારણ કરીને પછી પંચ મહાવ્રત, બાર તપ આદિ ધારણ કરીશ તો તે સફળ થશે. એ વિના તારું રખડવું નહિ મટે. નરક અને નિગોદના અવતારમાં બહુ રખડ્યો, હવે રખડવું મટાડવું હોય તો પ્રથમ સમ્યક્ત્વ પ્રગટ કર !

'સમ્યગ્દર્શન' એ કોઈ સાધારણ વાત નથી. દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા કરી લેવાથી સમ્યક્ત્વ થઈ જતું નથી. નવતત્ત્વના ભેદવાળી શ્રદ્ધા એ પણ સમ્યગ્દર્શન નથી. પૂર્ણાનંદના નાથની અતીન્દ્રિય આનંદના અનુભવ સહિત પ્રતીતિ આવે તેનું નામ સમ્યગ્દર્શન છે. આવા સમ્યગ્દર્શનના ભાન વિના વ્રત લીધા, તપ લીધા એ બધી રણમાં પોક મૂકવા જેવી વાત છે. માટે અહીં ભગવાન એમ કહે છે કે પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટ કરજે, પછી બાહ્યલિંગની વાત કરજે કેમ કે જે ભાવરહિત છે તેને પ્રગટપણે બાહ્યલિંગ અકાર્ય છે—કાર્યકારી નથી. આત્માની સન્મુખ થઈને પ્રતીતિ કર્યા વિના, ચૈતન્યનો અતીન્દ્રિય સ્વાદ લીધા વિના બાહ્યક્રિયા કરવાથી આત્માની સન્મુખતા થતી નથી—આત્માનો કાંઈ લાભ થતો નથી.

ભાવાર્થ :—જે ભાવની શુદ્ધતાથી રહિત છે....ભાવની શુદ્ધતા એટલે સમ્યગ્દર્શનથી રહિત છે તેનું બધું અકાર્યકારી છે. સમ્યગ્દર્શન કોઈ અલૌકિક ચીજ છે. આત્માને સમજ્યા વિના સમ્યગ્દર્શન માની લે તેથી સમ્યગ્દર્શન થઈ જતું નથી. જેને પોતાનો આત્મા કે જેને જાણવાથી સર્વ જણાય એવા નિજાત્માને જાણ્યો નથી, શ્રદ્ધા કરી નથી, આચરણ કર્યું નથી તેને બાહ્યલિંગ કાંઈ કાર્યકારી નથી. જુઓ ! 'અપની આત્મા' એમ શબ્દ વાપર્યો છે. ભગવાનના આત્માની શ્રદ્ધા કહી નથી કેમ કે એ તો રાગ છે, વિકલ્પ છે, સમ્યગ્દર્શન નથી. આત્માનું સ્વરૂપ સિદ્ધ જેવું પૂર્ણાનંદસ્વરૂપ છે એવા

આત્માની ઓળખાણ કરીને તેની પ્રતીતિ કરવી, જ્ઞાનસ્વરૂપનું યથાર્થ જ્ઞાન કરવું અને તેમાં રમણતા કરવી તે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર છે.

આ બધું એને આકરું લાગે છે કેમકે ઘર-પરિવાર અને ધંધો સંભાળવામાંથી એ નવરો જ થતો નથી. થોડો સમય મળે તેમાં બીજી વાતો સાંભળવા મળે પણ આ સમ્યગ્દર્શનાદિની તો વાત પણ ન મળે. આવા જીવન તો ઢોર (પશુ) જેવા જીવન છે. દુનિયામાં એ ભલે પૈસાવાળો અને આબરૂવાળો ગણાતો હોય એટલે તેની ખુરશી પહેલી મુકાય પણ તેથી શું ?

શ્રોતા :—ન્યાયપૂર્વક કમાતો હોય તો...

પૂજ્ય ગુરુદેવશ્રી :—ન્યાયપૂર્વક કમાવું તેમાં પણ પાપ છે. કેમ કે કમાવાનો ભાવ જ પોતે પાપ છે. દુકાને બેસવાનો ભાવ પણ પાપ છે તેમાં અન્યાયથી કમાવું એ તો મોટું પાપ છે, પણ ન્યાયથી કમાતો હોય તોપણ પૈસા કમાવાનો ભાવ પાપ છે, તેમાં આત્મા ભારે થતો જાય છે. પોતાની ચીજને જાણી નહિ અને પરને માટે રોકાઈને તેમાં બધો કાળ ગુમાવ્યો તે બધી નુકશાની જ છે.

એક કથા આવે છે કે બે ભાઈ હતા તેમાંથી જેણે બીજા ભાઈ માટે પાપ કર્યા હતાં તે નારકી થયો અને પેલો ભાઈ પરમાધામી થઈને તેને મારે છે ત્યારે નારકી કહે છે કે મેં તો તારા માટે પાપ કર્યા હતાં તોપણ મને મારે છો ?—પરમાધામી કહે છે કે મેં તને ક્યાં કહ્યું હતું કે તું મારા માટે પાપ કર !

આવું બધું બને છે હો ! આમાં કાંઈ નવી વાત નથી. આત્માના ભાન વિના બાહ્યલિંગ લીધું હોય તે કાંઈ એવું કારણ મળતાં તત્કાળ બગડી જાય છે—પ્રસંગ આવ્યે ભ્રષ્ટ થઈ જશે, તેને આત્માનો લાભ કાંઈ થશે નહિ. માટે પ્રથમ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કર્યા પછી બાહ્યલિંગ ધારણ કરવું. *

## બીજા ભવની તો ચિંતા તો કર !

અહો ! ૮૦ વર્ષની આયુવાળો ૨૦ વર્ષથી માંડી ૬૦ વર્ષ સુધી તે ભવની ચિંતા કરે છે, પરંતુ ૮૦ વર્ષ પછીનો જે સમય તેની જરીયે ચિંતા ન કરે એ તે કેવી ધીઠાઈ ! ૮૦ વર્ષ પછીનો જે પહેલો સમય તે આખોય ભવ પણ એ જ આત્માનો છે. કાંઈ બીજા આત્માનો એ ભવ નથી. તડકા-છાયા વચ્ચે આંતરું નથી. તેમ બે ભવ વચ્ચે આંતરું નથી માટે બીજા ભવની તો ચિંતા કર !

—કરુણાસાગર પૂજ્ય ગુરુદેવશ્રી

# તિર્યંચ અને નરક ગતિના ભયંકર દુઃખો

(શ્રી છઢાળા ઉપર પરમપૂજ્ય ગુરુદેવશ્રીનું વૈરાગ્યમય પ્રવચન)

આ 'છઢાળા' છે. તેમાં છ પ્રકારે કથન પદ્ધતિ છે. તેમાં પ્રથમ ઢાળમાં નિગોદથી લઈને ચારેય ગતિના દુઃખનું વર્ણન કર્યું છે. બીજી ઢાળના પ્રથમ શ્લોકમાં જ કહેશે કે મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રને વશ થઈને જીવે ચારગતિમાં ભ્રમણ કર્યું છે અને જન્મ-મરણ આદિનું દુઃખ ઉઠાવ્યું છે. આત્માના ભાન વિના આવા દુઃખ સહન કર્યાં છે.

સ્વામીકાર્તિકે પણ બાર ભાવનામાં બોધિદુર્લભ ભાવનાનું વર્ણન કરતાં નિગોદથી લઈને બધાં દુઃખોનું સ્વરૂપ કહ્યું છે. નિગોદમાંથી નીકળી બે ઇન્દ્રિય આદિ વિકલત્રય થાય ત્યાંથી કોઈ પંચેન્દ્રિય મન વરગના પશુ થાય, કોઈ મનવાળા પશુ થાય. ત્યાંથી મરીને કોઈ નરકમાં જાય, ત્યાંથી મરીને કોઈ મનુષ્ય થાય અને ત્યાંથી મરીને કોઈ દેવ થાય. આવી શૈલીથી ધર્મની દુર્લભતા બતાવી છે. આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન વિના જીવ ચોરાશીના અવતારમાં એક એકમાં અનંતવાર જન્મ-મરણ પામ્યો છે.

પહેલી ઢાળમાં જ દુઃખનું વર્ણન કરવાનો હેતુ એ છે કે હે જીવ ! મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રને કારણે તે આવા દુઃખ ઉઠાવ્યા છે માટે પ્રથમ જ તું તે મિથ્યાત્વાદિ ભાવોને છોડ અને અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અંગીકાર કર ! આમ સંબોધવા માટે આ દુઃખની વાત કરી છે. તેમાં છ ગાથા થઈ ગઈ છે આ સાતમી ગાથામાં તિર્યંચગતિમાં નિર્બળતાનું દુઃખ કહે છે.

**કબહૂં આપ ભયો બલહીન, સબલનિ કરિ ખાયો અતિદીન,**
**છેદન ભેદન ભૂખ પિયાસ, ભાર-વહન હિમ આતપ ત્રાસ. ૭.**

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે એમ જોયું કે અનાદિથી જીવે નિગોદના અનંત દુઃખો સહન કર્યાં છે. એક શ્વાસમાં અઢારભવ ધારણ કરતો હતો. તેમાંથી મરીને એકેન્દ્રિયમાં વનસ્પતિ, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ આદિમાં આવ્યો. ત્યાંથી નીકળીને બે ઇન્દ્રિય થવું એ તો ચિંતામણિરત્ન પામવા જેવું દુર્લભ છે. તેમાંથી મનવાળા તિર્યંચ પ્રાણીમાં આવ્યો ત્યાં પણ કેવા દુઃખો સહન કરવા પડે છે તેની વાત કરે છે. આ બધાં દુઃખ પાછળ કારણ એક જ છે મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર, તેનાથી પ્રાપ્ત થતાં દુઃખનું કથન સંયોગ દ્વારા કર્યું છે.

નિર્બળ પશુ થાય તો તે પોતાનાથી બળવાન પશુ વડે ખવાયં છે. આમાં (-છઢાળામાં) ચિત્ર પણ આપ્યું છે. બળહીન જે હરણ છે તે ભાગે છે કેમ કે તેની પાછળ ચિત્તો પડ્યો છે. દીન-હીન એવા હરણાદિ પશુઓ સિંહાદિ ક્રૂર પશુઓ વડે ખવાય છે એટલે કે તેનું શરીર સિંહાદિ પ્રાણીઓ ખાઈ જાય છે તો શું એક પશુ બીજા પશુને ખાઈ શકે ને ! ભાઈ ! આ તો સંયોગથી દુઃખનું વર્ણન કર્યું છે કે નિર્બળપ્રાણીને સબળપ્રાણી મહાપ્રહાર કરીને મારે છે અને ખાય છે. અરે ! ઉંદર જેવા પ્રાણીને પાંજરામાં પકડીને ઉપર ગરમ પાણી નાખતાં અમે નજરે જોયાં છે. હવે કહો ! એ ઉંદર ક્યાં જાય ! શરીરમાં અને રાગમાં એકત્વબુદ્ધિના કારણે આવા સંયોગમાં દુઃખી થતો થતો દેહ છોડીને બીજા ભવમાં ચાલ્યો જાય છે. પોતાના આનંદ અને શાંતસ્વભાવને ભૂલીને અનાદિથી આવા દુઃખો સહન કર્યાં છે.

છેદન-ભેદનના દુઃખ પણ કેટલાં ! શિકારી અથવા કસાઈ લોકો પશુઓને કાપી નાંખે છે. અજીવ અને આસ્રવથી હું ભિન્ન છું એવા ભાન વિના એકતાબુદ્ધિમાં જીવ કેવાં કેવાં દુઃખ પામે છે ! પશુને ભૂખ પણ કેટલી વેઠવી પડે છે ! ''કૂતરાના ભવમાં અમે વીણી ખાધા કટકાં, ત્યાં ભૂખના વેઠ્યાં ભડકાં રે !...'' સંપ્રદાયમાં ચિત્રો બતાવીને આવા દુઃખોનું વર્ણન કરતાં હતાં પણ એ દુઃખનું મૂળ કારણ શું છે ?--કે આત્માના ભાન વિના મિથ્યાશ્રદ્ધામાં એણે સ્વભાવને ભૂલીને વિકારને જ અપનાવ્યો છે તેના ફળમાં આવા અનંત દુઃખ એણે ભોગવ્યા છે. માટે પ્રથમ મિથ્યાશ્રદ્ધા ટાળવાનો ઉપાય કર !

ભૂખ-તરસ સહન કરે, બળદ જેવા પશુઓ ઉપર માલિક એટલાં વજન ભરે કે બળદ વાંકો વળી જાય એવા બોજા ઉપાડવા પડે, ઠંડી-ગરમી સહન કરવી પડે, નાનાં નાનાં પશુ-પક્ષીના બચ્ચાઓ તો ઠંડી-ગરમી સહન કરી ન શકે તો એમાં જ મરી જાય. આવા દુઃખો જીવે અનંતવાર સહન કર્યાં છે. હવે આઠમી ગાથામાં.....

'તિર્યંચના દુઃખની અધિકતા અને નરકગતિની પ્રાપ્તિનું કારણ'

**વધ બંધન આદિક દુઃખ ઘને, કોટિ જીભતૈં જાત ન ભને,**
**અતિ સંક્લેશ ભાવતો મર્યો, ઘોર સ્વભ્રસાગરમેં પર્યો. ૮.**

છેદન-ભેદન, ભૂખ-તરસ ઉપરાંત વધ-બંધન વગેરે ઘણાં દુઃખો આ જીવે તિર્યંચગતિમાં સહન કર્યાં છે. તેથી ગ્રંથકાર કહે છે કે તેં એટલાં દુઃખ સહન કર્યાં છે કે, કરોડો જીભથી કહેવા લાગીએ તોપણ કહી શકાય તેમ નથી પણ મનુષ્ય થયો ત્યાં એ બધાં દુઃખ ભૂલી ગયો. હું કોણ છું, મારી જાત કઈ છે, મારે શું ગ્રહણ કરવું અને

શું છોડવું એવા ભેદજ્ઞાનના ભાન વિના આવા અનંતા દુઃખો ભોગવ્યાં છે.

એક ગામમાં એક ગાયને બાંધીને ઝીણાં ઝીણાં કટકાં કર્યા અને એ લોકોએ બધાંને વહેંચીને ખાધા. પારસીલોકો જેમ શક્કરિયાને બાફીને ખાય તેમ ભૂંડને પગ બાંધી અગ્નિમાં નાંખીને બાફે અને પછી ખાય. આવા દુઃખ પોતે ભોગવ્યા છે પણ અત્યારે જો જરાં અપમાન થાય તો તરત ગરમ થઈ જાય. મારું આવું અપમાન! પણ મૂળામાં મફતમાં વેંચાયો હતો તેનું શું? ધર્મની પ્રાપ્તિ વિના તારી કાંઈ કિંમત નથી. ધર્મની કિંમત કર્યા વિના તેં દુઃખો એટલાં સહન કર્યા છે કે કરોડ જીભે પણ તેનું વર્ણન થઈ શકે તેમ નથી.

શ્રોતા :—એ દુઃખો અત્યારે કેમ કાંઈ યાદ નથી?

પૂજ્ય ગુરુદેવશ્રી :—આ ભવમાં જન્મ્યા પછીના દુઃખ પણ શું યાદ રહે છે! માના ખોળામાં બેસીને રડતાં હતાં એ તમને તો યાદ નથી ને! 'મા' વાત કરે તેમ અહીં ગુરુ તને તારા દુઃખ યાદ કરાવે છે. બાળપણમાં પણ અજ્ઞાનથી જીવ બહુ દુઃખી હોય તેનું વર્ણન આગળ આવશે. બાળપણના દુઃખ પણ યાદ નથી આવતાં તો પૂર્વે ભોગવેલાં દુઃખ ક્યાંથી યાદ આવે!

તિર્યંચગતિમાં એટલાં તીવ્ર દુઃખ પડતાં હોય કે અંતે મરણ સમયે સહન ન થવાથી સંકલેશ-તીવ્ર પાપના પરિણામપૂર્વક મરે અને નરકમાં જીવ ચાલ્યો જાય. અમે હીરાચંદભાઈના મકાનમાં હતાં ત્યારે ત્યાં એક ગાયને હડકવા થયો હતો તો આમથી તેમ અને તેમથી આમ ફર્યા કરે, ક્યાંય ચેન નહિ! અંતે પડી ને પીડાનો પાર નહિ, બરાડા પાડે, દુઃખી થઈ થઈને બે દિવસ પછી મરી ગઈ. ભિન્ન ભિન્ન સંયોગોમાં દુઃખની એકતા કેવી હોય છે એમ બતાવીને મિથ્યાદર્શનના ફળ તરીકે આ દુઃખ ભોગવવા પડ્યાં છે એમ કહેવું છે. માઠાં પરિણામ કરીને જીવ ભયાનક નરકરૂપી સમુદ્રમાં જઈ પડે છે. નરકને ઘોર સ્વભ્રસાગર-ભયાનક સમુદ્રની ઉપમા આપી છે.

એક ઘેટાંને ધગધગતો ગરમ સળિયો પાછળથી શરીરમાં નાંખીને મોઢામાં એક માણસને કાઢતાં જોયો હતો. જીવતાં ઘેટાંની આ દશા! કેવી પીડા થઈ હશે! દુઃખ તો મૂળ એકતાબુદ્ધિનું છે પણ શાસ્ત્રકાર સંયોગની સ્થિતિથી તેનું વર્ણન કરે, બીજી શી રીતે વર્ણન થાય! જેની નજરૂમાં અતીન્દ્રિય આનંદ આવે એવા આનંદકંદ ભગવાનને ભૂલીને આવા દુઃખો એણે અનંતવાર ભોગવ્યાં. ભગવાન આત્માના શ્રદ્ધા-જ્ઞાન ન કર્યાં તેનું આ ફળ છે.

'નરકભૂમિ અને નદીનું દુઃખ'

**તહાં ભૂમિ પરસત દુઃખ ઈસો, બિચ્છુ સહસ ડસેં નહિં તિસો,**
**તહાં રાધ-શ્રોણિતવાહિની, ક્રમિકુલકલિત દેહદાહિની. ૯.**

ઠાકરિયો એક વીંછી અહીં કરડ્યો હોય તો રાડ પડી જાય અને માણસ મરી જાય એવા હજારો વીંછી નરકમાં જતાંની સાથે જ નારકીના શરીરને ચોંટી પડે એટલી પીડાં ત્યાં થાય છે. જુઓ ! ચિત્રમાં વીંછીનો દેખાવ કર્યો છે. અહીં જે કોઈ દારૂ પીએ, માંસ ખાય, શિકાર ખેલે, પરસ્ત્રી લંપટ હોય એ બધાં નરકમાં જાય છે. હજારો વીંછી એક સાથે કરડે તેના કરતાં અનંતગણુ દુઃખ ત્યાં ઉપજતાંની સાથે જ થાય છે, તેના પ્રમાણમાં અહીં તો શું દુઃખ છે? (એ વિચારો)

અનાદિકાળનો આત્મા આજ સુધી મોક્ષમાં તો ગયો નથી તો ક્યાં રહ્યો ? તેનું આ વર્ણન કરે છે. કેમ રહ્યો ?–કે મૂળ કારણ મિથ્યાદર્શનને કારણે દુઃખમાં રહ્યો છે. અહીં ડાભના 'કાંટાની અણી પગમાં વાંગે તેના કરતાં અનંતગુણી પીડા તો નરકની જમીનના સ્પર્શમાત્રથી થાય છે. એ જમીન એટલી વાગે તેવી છે.

નરકમાં ઉપજવાના સ્થાન ઊંધા છે. બિલમાં ઉપજે ત્યાં પણ વેદનાના પાર નથી. ઉપરથી ઊંધા માથે પડે ત્યાં નીચે જમીનમાં છત્રીસ પ્રકારના શસ્ત્રો વાગે છે. કપાય જાય, છેદાઈ જાય... પીડા...પીડા... અહીંના રાજા-મહારાજાઓ પણ મદ્ય-માંસ-મધુ ખાઈ ખાઈને, પાપ કરી કરીને નરકમાં ઉપજે છે. આત્મા થોડો નવો ઉપજે છે ! અનાદિનો આત્મા પોતાના સ્વરૂપના ભાન વિના નવા નવા ભવ કરતો આવ્યો છે. સહજાનંદ પ્રભુ આત્મા પોતાના સહજ આનંદ અને જ્ઞાનાદિને ભૂલ્યો એ તેની કેટલી ઊંધાઈ છે ! જેટલી અનંતી ઊંધાઈ કરી એટલાં ઊંધા ફળ એને ભોગવવા પડે છે.

અહીં રાજા હોય, અબજોપતિ હોય, મિલના માલિક હોય, માછલાં ખાતાં હોય, કૂકડાના માંસના શીરા કરાવીને ખાતાં હોય, સાતેય વ્યસનમાં પૂરાં હોય એ ત્યાં નરકમાં જાય છે તો કિંમત ભરીને જ જાય ને ! નરક પણ મફતમાં મળતી નથી. કાળાકેર જેવા પાપની કિંમત ભરીને નરકે જાય છે. પીડા સહન ન થાય એટલે એમ થાય કે આ વૈતરણી નદીમાં પડું તો શાંતિ થાય. તે નદી તો એકલાં લોહી અને પરૂથી ભરેલી હોય છે અને નાનાં નાનાં કીડાઓથી ભરેલી હોય છે તેમાં તેને શાંતિ મળવાને બદલે પીડા વધી જાય છે. એકબીજા નારકીઓ જ અનેક પ્રકારના રૂપ ધારણ કરીને એકબીજાને દુઃખ ઉપજાવે છે.

આ બધું ભગવાને જોયેલું જે કહ્યું છે તે સાંભળેલું આચાર્યોએ લખ્યું છે. મૂળ તો પરમાં અને રાગમાં એકત્વબુદ્ધિનું જ દુઃખ છે પણ તેનું વર્ણન તો સંયોગથી જ થાય. પ્રભુ આત્મા પોતાની જ્ઞાનાનંદ જાતને ભૂલી શરીર, પુણ્ય, પાપની જાતમાં એકત્વની માન્યતા કરે છે તેની તારતમ્યતાના દુઃખોનું આ બધું વર્ણન છે. શાસ્ત્રમાં આ બધાં પાઠ છે.

**સેમરતરુ દલજુત અસિપત્ર, અસિ જ્યોં દેહ વિદારૈ તત્ર;**
**મેરુ સમાન લોહ ગલિ જાય, ઐસી શીત ઉષ્ણતા થાય. ૧૦.**

તે નરકમાં તરવારની ધાર માફક તીક્ષ્ણ પાંદડાવાળા સેમરના ઝાડ છે જે શરીરને તરવારની માફક ફાડી નાંખે છે. વૈતરણી નદીમાંથી નીકળીને જ્યાં ઝાડ નીચે ઠંડક લેવા જાય છે ત્યાં સેમરના પાન પડીને તેના શરીરને વિદારી નાંખે છે. ૨૫-૨૫ મણના લોઢાના ગોળા જેવા તે વૃક્ષના ફળ હોય છે એ માથે પડે ત્યાં શરીર વિદારાય જાય છે. નરકમાં એવી તો ઠંડી હોય છે કે એક લાખ જોજનનો એટલે મેરૂ જેવડો મોટો લોખંડનો ગોળો જો એ નરકમાં નાંખવામાં આવે તો ક્ષણમાં ઓગળી જાય. આવી ઠંડીની વચ્ચે સાગરોપમ કાળ સુધી નારકીને રહેવું પડે છે. અહીં એક રાત ઊંઘ ન આવી હોય તો તરફડિયા મારીને રાત પૂરી કરે છે તો નરકમાં આવી ઠંડીમાં આટલો લાંબો કાળ કાઢવો એને કેવો આકરો લાગતો હશે !

જેવી રીતે લોકમાં કહેવાય છે કે ઠંડીથી હાથ ઠૂંઠવાઈ જાય છે તેમ ત્યાં ઠંડીથી નારકીના શરીર ઠૂંઠવાઈ જાય છે. હિમ પડવાથી જુવાર વગેરે અનાજ બળી જાય છે તેમ નરકમાં નારકીના શરીર બળી જાય છે. ગરમીમાં જેમ ઉધઈના શરીર સળગી જાય છે તેમ નરકમાં ગરમી પણ એટલી પડે છે કે નારકીના શરીર સળગી જાય છે. વળી પાછાં શરીરના પરમાણુ ભેગા થઈ જાય છે.

મૂળ મિથ્યાદર્શનના કારણે મળેલાં આ બધાં દુઃખો ભગવાન તને યાદ કરાવે છે. ગૃહિત અને અગૃહિત મિથ્યાત્વ, ગૃહિત અને અગૃહિત મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર અનંતકાળમાં એવા સેવ્યાં છે કે સમ્યગ્દર્શનની રીત પણ કદી પકડી નથી.

'નરકમાં અન્ય નારકીઓ, અસુરકુમાર તથા પ્યાસના દુઃખો';

નરકનું બધું વર્ણન કરીને તને શ્રદ્ધા કરાવે છે કે તારી ઉપર આવા દુઃખ અનંતવાર પડ્યાં છે. આ કોઈ હંબક (જૂઠી) વાત નથી. બધું વીતી ગયું છે. તું ભૂલી ગયો તેથી જે થયું છે તે કાંઈ જૂઠું થઈ જતું નથી. નિરંતર જેણે ભૂંડા (ખરાબ) ભાવ

કર્યાં હોય તેને તેના ફળ પણ નિરંતર દુઃખ આપનારા જ મળે ને! નરકમાં નદીમાં શાંતિ લેવા પડે ત્યાં શરીરમાં બળતરા ઉપડે. બહાર નીકળીને ઝાડ નીચે શાંતિ લેવા જાય ત્યાં સેમરવૃક્ષના તલવાર જેવા પાંદડા પડે એમાં હાથ-પગ કપાય જાય... એક બીજા નારકી લડે, અસુરકુમાર દેવો લડાવે એ વાત હવે ૧૧મી ગાથામાં કહેશે.

**તિલ તિલ કરૈં દેહકે ખંડ, અસુર ભિડાવૈં દુષ્ટ પ્રચંડ,**
**સિન્ધુનીરતૈં પ્યાસ ન જાય, તો પણ એક ન બૂંદ લહાય. ૧૧.**

ચિત્રમાં જુઓ! એક નારકી બીજા નારકીને મારે છે. માથે અસુરકુમાર દેવ ઊભો છે. અહીં પણ જુઓ ને! માણસ માણસને કાપી નાંખે છે, ચીરી નાંખે છે. કાલે જ કોઈ વાત કરતું હતું કે ખેતર માટે કાઠી અને બ્રાહ્મણને ઝગડો એવો થયો કે એકબીજાને લોહીજાણ કરી નાંખ્યાં. આ તો નરકના અનંતમાં ભાગની પીડા છે. નરકમાં તો આનાથી અનંતગુણી મારકાટ છે કારણ કે અનંતાનુબંધી કષાયની તીવ્રતા છે. મિથ્યાત્વરૂપી અનંતરસવાળા ભાવસહિત ક્રોધ, લોભાદિની તીવ્રતાથી રાડેરાડ કરે છે. ત્યાં ઘડીનું પણ સુખ નથી. આવી આવી ગતિઓમાં રખડતાં જીવે ધર્મની સાધના કદી કરી નથી. ધર્મ પામવો બહુ દુર્લભ છે. સ્વામીકાર્તિકે બોધિદુર્લભ ભાવનામાં આ બધુ વર્ણન કર્યું છે. લોકો માને છે એવી, ધર્મ એ કાંઈ સાધારણ ચીજ નથી. ધર્મ તો કોઈ અલૌકિક છે.

જ્ઞાનસાગર ભગવાન આત્માને ભૂલીને દુઃખના સાગરમાં પડ્યો છે છતાં અંતરમાં આત્મા જ્ઞાનનો સાગર છે. ગુણની થેલી છે તેની પરખ કરે—પરીક્ષા કરીને નક્કી કરે કે હું આત્મા અનંતગુણની થેલી છું એમ પરીક્ષાપૂર્વક નક્કી કરીને અનુભવ કરે તો તેના જન્મ-મરણ મટે અને તો તેના સર્વ દુઃખ જાય. એ સિવાય દુઃખ કદી મટવાના નથી.

નરકમાં નારકી એકબીજાના શરીરના તલ જેવડાં ટૂકડાં કરી નાંખે છે. વળી અત્યંત ક્રૂર એવા અસુરકુમાર જાતિના દેવ એકબીજા નારકીઓને લડાવીને પોતે ખુશી થાય છે. હલકા લોકો સાંજે નવરા પડે એટલે ભેંસના પાડાને લડાવે, કૂકડાને લડાવે. એ લડી લડીને લોહીજાણ થાય એ જોઈને હલકા લોકો રાજી થાય. તેમ નરકમાં અસુરદેવ નારકીને લડાવીને ખુશી થાય છે.

નરકમાં તૃષા એવી લાગે કે મોટામાં મોટા સ્વયંભૂરમણ સમુદ્રનું બધું પાણી પી જાય તોપણ તેને એક બિંદુ જેવું લાગે એટલી તરસ હોવા છતાં પાણીનું એક ટીપું પણ ત્યાં પીવા મળતું નથી. આ કોઈ અતિશયોક્તિ નથી. હકીકત છે અને તેનું

કારણ એ છે કે જીવના સ્વરૂપમાં અનંત આનંદ અને શાંતિ રહેલાં છે તેનાથી જે ભાવ વિરૂદ્ધ પડ્યો છે તેની તીવ્રતા પણ એવી જ હોય. પાણીની વાત તો સંયોગથી કરી છે પણ એ પરિણામ એટલી તૃષ્ણા અને મમતાવાળા છે કે તેનું માપ કાઢવું મુશ્કેલ છે. આવી તૃષામાં ૩૩ સાગર કાઢ્યાં. સાગર એટલે? અસંખ્યાતા અબજ વર્ષનો એક પલ્યોપમ થાય. એવા દશ કોડાકોડી પલ્યોપમકાળનો એક સાગર થાય. એવા ૩૩ સાગર એક નરકમાં કાઢ્યાં પછી એકાદ બીજો ભવ કરીને ઉપરાઉપરી પહેલી નરકમાં આઠ વાર જાય છે. બીજી નરકમાં ઉપરાઉપરી જાય તો સાત વાર જઈ શકે છે. ત્રીજી નરકમાં છ વાર, ચોથી નરકમાં પાંચ વાર, પાંચમી નરકમાં ચાર વાર ઉપરાઉપરી જાય. છઠ્ઠી નરકમાં ત્રણ વાર અને સાતમી નરકમાં બે વાર ઉપરાઉપરી જાય છે.

ભગવાનના જ્ઞાનમાં આ બધું આવેલું છે કે મિથ્યાદષ્ટિપણે જીવે આવા ભવો અનંતવાર કર્યાં છે. નરકમાંથી નીકળીને સીધો નરકમાં ન જાય પણ એક અંતરમુહૂર્તનો પણ તિર્યંચનો ભવ કરીને નરકમાં ચાલ્યો જાય. નરકની આયુસ્થિતિ ઓછામાં ઓછી દસહજાર વર્ષ અને વધુમાં વધુ તેત્રીસ સાગરની છે. વચ્ચે એકાદ ભવ કરીને ફરી ફરી આટલી વાર નરકમાં દુઃખ ભોગવવા ચાલ્યો જાય છે. માટે કહે છે કે હવે આત્માનું જ્ઞાન કર! આત્માની કિંમત કર અને બીજી કિંમત છોડી દે!

એકવાર નહિ પણ અનેકવાર આવા નરકના દુઃખ પોતે ભોગવ્યાં છતાં ભૂલી ગયો! અહીં બધી અનુકૂળતા દેખીને ભૂતકાળને તદ્દન ભૂલી ગયો! જાણે એમાં પોતે હતો જ નહિ. પણ ભાઈ! તું છો તો અનાદિનો ને! તો અનાદિ-અનંતકાળ ક્યાં રહ્યો! મિથ્યાદર્શનના કારણે જ્યાં જ્યાં ગયો ત્યાં દુઃખી જ થતો થતો અહીં આવ્યો છો.

અસંખ્યાતા દરિયા પી જાય તોપણ તૃષા છીપે નહિ એવી તીવ્ર તરસ છતાં બિંદુ પણ ન મળે એવી સ્થિતિમાં નરકમાં કાળ ગાળ્યો છે. જેમ આત્માના આનંદની અનંતતા કહી શકાતી નથી તેમ ઉલટા પડેલાં આત્માના દુઃખની અનંતતા પણ વાણીથી કહી શકાતી નથી એટલે જ 'અનંતાનુબંધી' શબ્દ વાપર્યો છે. ભગવાન આત્મા અનંત શાંત આનંદનો રસકંદ છે તેને ભૂલીને થયેલાં વિકારની તીવ્રતાના પરિણામે મળેલાં સંયોગના દુઃખ પણ અનંત જ હોય છે.

પહેલી ત્રણ નરક સુધી અંબ અને અંબરીષ જાતિના અસુરકુમાર દેવો જઈ શકે છે. ત્યાં જઈને પોતાના અવધિજ્ઞાનથી નારકીઓને તેના એકબીજા સાથેના વેર

યાદ કરાવીને લડાવે છે અથવા ક્રૂરતા અને કુતૂહલથી પણ અંદરોઅંદર નારકીને લડાવે છે. જો ! આણે તારા બાપને મારી નાંખ્યો હતો, આણે તને કૂવામાં નાંખી દીધો હતો, તને શેકી નાંખ્યો હતો એમ અનેક પ્રકારે યાદ કરાવીને લડાવે છે. કૂતરાં માંહોમાંહે લડે તેમ નારકીઓ લડે. એ જોઈને આ અસુરો ખુશી થાય છે.

અહીં ઘરમાં પાણી માગ્યું હોય અને લાવતાં જરાં વાર લાગે ત્યાં તો ભાઈસાહેબ ગુસ્સે થઈ જાય કે બધાં મરી ગયા છે ! કોઈ સાંભળતું નથી ! અત્યાર સુધી તો મારું બોલેલું બધાં ઝીલતાં હતાં હવે હું શરીરથી ઢીલો પડ્યો એટલે કોઈ ગણતાં નથી ? એમ અનેક પ્રકારે ભ્રમણા કરીને પોતાના આત્માને દુઃખી કરે છે પણ એને ભાન નથી કે હું મારે કારણે જ દુઃખી છું, કોઈ મને દુઃખી કરી શકતું નથી.

નરકમાં તરસ લાગી હોય પણ પાણી તો ન મળે ઉપરથી બીજા નારકી લોઢાના ધગધગતા રસ એને પરાણે પીવડાવે, તેજાબ પીવડાવે જેથી એનું આખું શરીર બળી ઉઠે. આ બધું આ જીવ ઉપર વીતી ગયું છે હો ! હાથ જોડીને કરગરે તોપણ ત્યાં કોઈ તેનું સાંભળનાર ન હતું આવા દુઃખો અનંતવાર સહન કર્યાં છે.

નરકની ભૂખ, નરક અને મનુષ્યગતિ પ્રાપ્તિનું વર્ણન :—

**તીનલોકકો નાજ જુ ખાય, મિટૈ ન ભૂખ કણ ન લહાય,**
**યે દુઃખ બહુ સાગર લૌં સહૈ, કરમ જોગતૈં નરગતિ લહૈ. ૧૨.**

એ નરકમાં તરસની જેમ ભૂખ પણ એટલી જ લાગે છે કે ત્રણલોકનું અનાજ ખાવા મળે તો પણ ભૂખ ન મટે પરંતુ એક દાણો પણ ખાવા મળતો નથી. આવું દુઃખ ઘણાં સાગરોપમકાળ સુધી સહન કરે છે કારણ કે અનંત એવા પોતાના સ્વભાવનો અનાદર કર્યો છે તેનું ફળ પણ તેણે અનંત દુઃખરૂપે ભોગવવું પડે. સંયોગ ભલે થોડો હોય પણ અંદરમાં પ્રતિકૂળતાની વેદના અનંતી જ હોય. અગ્નિમાં જેમ કણ નાંખો તો સ્વાહા થઈ જાય તેમ નારકીના શરીરમાં એવી ભૂખની અગ્નિ જલે છે કે તેમાં ત્રણલોકનું અનાજ ભેગું કરીને નાંખો તો સ્વાહા થઈ જાય એમ છે પણ એક દાણો પણ ક્યાંયથી મળતો નથી. આવી દશામાં એણે સાગરોપમકાળ કાઢ્યાં છે. પહેલી નરકમાં ઉત્કૃષ્ટ આયુ ત્રણ સાગર, બીજીમાં સાત સાગર એમ કરતાં કરતાં સાતમી નરકમાં ૩૩ સાગર સુધી જીવે દુઃખો ભોગવ્યાં છે. તેમાંથી નીકળીને કોઈ વિશેષ શુભભાવના યોગે મનુષ્યગતિ પ્રાપ્ત થાય તો તેમાં પણ મિથ્યાદર્શનના કારણે જીવ કેવાં દુઃખ પામ્યો તેનું વર્ણન હવેની ગાથામાં કરશે.

*   *   *

# ✻ પુરુષાર્થ ✻

સ્વામિ કાર્તિકેયાનુપ્રેક્ષા ગાથાઃ ૩૨૧-૩૨૨-૩૨૩ ઉપર પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી
કાનજીસ્વામીનું પ્રવચન. માગશર સુદ ૧૨, રવિવાર વીર સં. ૨૪૭૨

**સ્વભાવનો અનંત પુરુષાર્થ ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધામાં આવે છે.**

**ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા તે નિયતવાદ નથી, પણ સમ્યક્ પુરુષાર્થવાદ છે.**

('વસ્તુનો પયાય ક્રમબદ્ધ જ થાય છે તોપણ પુરુષાર્થ વગર શુદ્ધપર્યાય કદાપિ પ્રગટતો નથી' એ સિદ્ધાંત ઉપર મુખ્યપણે આ વ્યાખ્યાન છે. આ વ્યાખ્યાનમાં (૧) પુરુષાર્થ, (૨) સમ્યગ્દષ્ટિની ધર્મભાવના, (૩) સર્વજ્ઞની સાચી શ્રદ્ધા, (૪) દ્રવ્યદૃષ્ટિ, (૫) જડ અને ચેતન પદાર્થોનો ક્રમબદ્ધપર્યાય, (૬) ઉપાદાન–નિમિત્ત, (૭) દ્રવ્ય–ગુણ–પર્યાય, (૮) સમ્યગ્દર્શન, (૯) કર્તાપણું અને જ્ઞાતાપણું, (૧૦) સાધકદશા, (૧૧) કર્મમાં ઉદીરણા વગેરે પ્રકારો, (૧૨) મુક્તિના નિઃસંદેહ ભણકાર, (૧૩) સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિ, (૧૪) અનેકાંત અને એકાંત, (૧૫) પાંચ સમવાય, (૧૬) અસ્તિ–નાસ્તિ, (૧૭) નિમિત્ત-નૈમિત્તિક સંબંધ, (૧૮) નિશ્ચય–વ્યવહાર, (૧૯) આત્મજ્ઞ તથા સર્વજ્ઞ અને (૨૦) નિમિત્તની હાજરી હોવા છતાં નિમિત્ત વગર કાર્ય થાય છે–એ વગેરેના સ્વરૂપનું સ્પષ્ટીકરણ આવી જાય છે. આમાં અનેક પડખાંથી વારંવાર સ્વતંત્ર પુરુષાર્થને સિદ્ધ કર્યો છે અને એ રીતે પુરુષાર્થસ્વભાવી આત્માની ઓળખાણ કરાવી છે. જિજ્ઞાસુઓ આ વ્યાખ્યાનના રહસ્યને સમજીને આત્માના સ્વતંત્ર સત્ય પુરુષાર્થની ઓળખાણ કરો અને તે તરફ વળો એવી ભાવના.)

ભગવાન સ્વામી કાર્તિકેયાચાર્યે આ ત્રણ ગાથાઓમાં સમ્યગ્દષ્ટિ જીવ કઈ રીતે વસ્તુસ્વરૂપનું ચિંતવન કરે છે અને પુરુષાર્થની ભાવના કરે છે તે બતાવ્યું છે. આ ખાસ જાણવા જેવું હોવાથી આજે વંચાય છે. મૂળ શાસ્ત્રની ગાથા નીચે મુજબ છે :–

''હવે સમ્યગ્દષ્ટિનો વિચાર કહે છે—

**जं जस्स जम्मि देसे जेण विहाणेण जम्मि कालम्मि ।**
**णादं जिणेण णियदं जम्मं वा अहव मरणं वा ॥३२१॥**

**तं तस्स तम्मि देसे तेण विहाणेण तम्मि कालम्मि ।**
**को सक्कदि वारेदुं इंदो वा तह जिणिंदो वा ॥३२२॥**

**અર્થ** :—જે જીવને જે દેશમાં, જે કાળમાં, જે વિધાનથી જે જન્મ તથા મરણ,

ઉપલક્ષણથી દુઃખ, સુખ, રોગ, દારિદ્રતા, આદિ થવું સર્વજ્ઞદેવે જાણ્યું છે તે એ જ પ્રમાણે નિયમથી થવાનું છે અને તે જે પ્રમાણે થવા યોગ્ય છે તે પ્રાણીને તે જ દેશમાં, તે જ કાળમાં, તે જ વિધાનથી નિયમથી થાય છે, તેને ઈન્દ્ર કે જિનેન્દ્ર–તીર્થંકરદેવ કોઈ પણ અટકાવી શકતા નથી.

**ભાવાર્થ** :—સર્વજ્ઞદેવ સર્વ દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવની અવસ્થાને જાણે છે અને સર્વજ્ઞના જ્ઞાનમાં જે પ્રતિભાસ્યું છે તે જ નિયમથી થાય છે, પણ તેમાં હીનાધિક કાંઈ થતું નથી એમ સમ્યગ્દૃષ્ટિ વિચારે છે.''

આ ગાથામાં સમ્યગ્દૃષ્ટિ જીવની ધર્મ અનુપ્રેક્ષા કેવી હોય છે તે બતાવ્યું છે. સમ્યગ્દૃષ્ટિ જીવ વસ્તુના સ્વરૂપનું ચિંતવન કઈ રીતે કરે છે તે આમાં બતાવ્યું છે. સમ્યગ્દૃષ્ટિની આ ભાવના દુઃખના દિલાસા ખાતર કે ખોટા આશ્વાસન ખાતર નથી, પણ જિનેશ્વરદેવે જોયેલું વસ્તુસ્વરૂપ જે પ્રમાણે છે તેમ પોતે ચિંતવે છે. આવું જ વસ્તુસ્વરૂપ છે, કલ્પના નથી. આ ધર્મની વાત છે. જે કાળે જે અવસ્થા થવાની સર્વજ્ઞ ભગવાને જોઈ છે તે કાળે તે જ અવસ્થા થાય છે, બીજી થતી નથી. આમાં એકાંતવાદ કે નિયતવાદ નથી, પરંતુ આમાં જ સાચો અનેકાંતવાદ અને સર્વજ્ઞતાની ભાવના તેમ જ જ્ઞાનનો અનંતો પુરુષાર્થ આવે છે.

આત્મા સામાન્ય–વિશેષસ્વરૂપ વસ્તુ છે. તેનું અનાદિ–અનંત જ્ઞાનસ્વરૂપ છે તે સામાન્ય છે અને તે જ્ઞાનમાંથી સમયે સમયે જે પર્યાય થાય છે તે વિશેષ છે. આત્મા પોતે સામાન્યરૂપે કાયમ રહીને વિશેષપણે પરિમમે છે. જો તે વિશેષરૂપ પર્યાય સ્વરૂપની રુચિ કરે તો સમયે સમયે તેમાં શુદ્ધતા થાય છે અને જો તે વિશેષરૂપ પર્યાય 'રાગ, દેહાદિ તે હું' એવી ઊંધી રુચિ કરે તો તેમાં અશુદ્ધતા થાય છે. આ રીતે સ્વરૂપની રુચિ કરે તો ક્રમબદ્ધ શુદ્ધ પર્યાય પ્રગટે છે; અને જો વિકાર-પરની રુચિ કરે તો ક્રમબદ્ધ અશુદ્ધ પર્યાય પ્રગટે છે. ચૈતન્યના ક્રમબદ્ધપર્યાયમાં ફેર પડતો નથી પણ ક્રમબદ્ધપર્યાયનો નિયમ એવો છે કે જે તરફની રુચિ કરે તે તરફની ક્રમબદ્ધદશા થાય. જેને ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા થાય તેને દ્રવ્યની રુચિ થાય અને જેને દ્રવ્યની રુચિ થાય તેનો ક્રમબદ્ધપર્યાય શુદ્ધ જ થાય એટલે સર્વજ્ઞ ભગવાને જાણ્યા પ્રમાણે પર્યાય ક્રમબદ્ધ જ થાય છે, તેમાં ફેર પડતો જ નથી એટલું નક્કી કરવામાં તો દ્રવ્ય તરફનો અનંત પુરુષાર્થ આવી જાય છે. પર્યાયનો ક્રમ ફેરવવો નથી, પણ રુચિ સ્વ તરફ કરવાની છે.

**પ્રશ્ન** :—જગતના પદાર્થોની અવસ્થા ક્રમબદ્ધ થાય છે. જડ કે ચેતન બધામાં એક પછી એક ક્રમબદ્ધ અવસ્થા શ્રી સર્વજ્ઞદેવે જોઈ તે પ્રમાણે જ અનાદિ–અનંત સમયબદ્ધ થાય છે, તો પછી આમાં પુરુષાર્થ કરવાનો ક્યાં રહ્યો ?

ઉત્તર :—એકલા આત્મા તરફનો પુરુષાર્થ કરે ત્યારે જ ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા થાય છે. જેણે પોતાના આત્મામાં ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કર્યો કે અહો ! જડ અને ચેતન બધાની અવસ્થા સ્વયં ક્રમબદ્ધ થયા જ કરે છે તો હું પરમાં શું કરું ? હું તો માત્ર જેમ થાય તેમ જાણું એવું મારું સ્વરૂપ છે. આવા નિર્ણયથી પરની અવસ્થામાં ઠીક—અઠીક માનવાપણું ન રહ્યું પણ જ્ઞાતાપણું રહ્યું એટલે ઊંધી માન્યતા અને અનંતાનુબંધી કષાય નાશ થયા અને અનંત પરદ્રવ્યના કર્તૃત્વપણાનો મહા મિથ્યાત્વભાવ ટળીને પોતાના જ્ઞાતાસ્વભાવની અનંતી દૃઢતા થઈ. આવો સ્વ તરફનો અનંત પુરુષાર્થ ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધામાં થાય છે.

બધા દ્રવ્યની અવસ્થા ક્રમબદ્ધ થાય છે. હું તેને જાણું પણ હું કોઈનું કાંઈ કરું નહિ. એવી માન્યતા દ્વારા મિથ્યાત્વનો નાશ કરીને જીવ પરથી પાછો ફરી સ્વ તરફ વળે છે. સર્વજ્ઞદેવના જ્ઞાનમાં જે ભાસ્યું છે તેમાં ફેર પડતો નથી. સમયે સમયે બધા પદાર્થોની જે ક્રમબદ્ધ અવસ્થા થવાની હોય છે તે જ થાય છે. આવા નિર્ણયમાં સમ્યગ્દર્શન આવી ગયું. આમાં કઈ રીતે પુરુષાર્થ આવ્યો તે કહે છે.

(૧) પરની અવસ્થા તેના ક્રમ પ્રમાણે થયા જ કરે છે, હું તેને કરતો નથી. એમ નક્કી કર્યું એટલે બધા પરદ્રવ્યના કર્તૃત્વનું અભિમાન ટળી ગયું.

(૨) ઊંધી માન્યતાથી પરની અવસ્થામાં ઠીક—અઠીકપણું માનીને જે અનંતાનુબંધી રાગ—દ્વેષ કરતો હતો તે ટળી ગયો.

આ રીતે, ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા કરતાં પરદ્રવ્યના લક્ષથી ખસીને પોતે પોતાના રાગ—દ્વેષ રહિત જ્ઞાતાસ્વભાવમાં આવ્યો એટલે કે પોતાના હિત માટે પરમાં જોવાનું અટકી ગયું અને જ્ઞાન પોતા તરફ વળ્યું. હવે પોતાના દ્રવ્યમાં પણ એક પછી એક અવસ્થા ક્રમબદ્ધ થાય છે. હું તો ત્રણે કાળની ક્રમબદ્ધ અવસ્થાઓના પિંડરૂપ દ્રવ્ય છું, એક અવસ્થા જેટલો હું નથી. હું તો જ્ઞાતા જ છું. અવસ્થામાં જે રાગ—દ્વેષ થાય છે તે પર વસ્તુના કારણે નથી પણ વર્તમાન પુરુષાર્થની નબળાઈથી છે.—આમ નિર્ણય થતાં તે નબળાઈ ઉપર પણ જોવાનું ન રહ્યું પણ પુરુષાર્થથી પરિપૂર્ણ જ્ઞાતાસ્વરૂપમાં જ જોવાનું રહ્યું. તે સ્વરૂપના લક્ષે પુરુષાર્થની નબળાઈ અલ્પ કાળમાં તૂટી જવાની છે.

ક્રમબદ્ધપયાય દ્રવ્યમાંથી આવે છે, પર પદાર્થમાંથી આવતો નથી, તેમ જ એક પર્યાયમાંથી બીજો પર્યાય પ્રગટતો નથી. તેથી પોતાના પર્યાય માટે પર ઉપર કે પર્યાય ઉપર જોવાનું ન રહ્યું પણ એકલા જ્ઞાતાસ્વરૂપમાં જ જોવાનું રહ્યું. આવી જેની દશા થઈ તેણે સર્વજ્ઞના જ્ઞાન પ્રમાણે ક્રમબદ્ધપર્યાય થાય છે એમ નિર્ણય કર્યો છે. (ક્રમશઃ)

# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

**પ્રશ્ન :—** *પર્યાયમાં અટક્યો છે તેના માટે શું કરવું ?*

**સમાધાન :—** બહારમાં સર્વસ્વ નથી, જ્ઞાયકમાં જ બધું છે તેમ પોતે દૃઢતા કરવી. ભલે પ્રથમ બુદ્ધિપૂર્વક વિચાર કરીને દૃઢતા કરે, પણ અંદરથી પલટો ખાવામાં વિશેષ તૈયારી થવી જોઈએ તો પરિણતિ પલટો ખાય. બુદ્ધિમાં દૃઢતા આવે, પણ પરિણતિ જ્યાં સુધી પલટો ખાતી નથી ત્યાં સુધી કચાશ છે. પરિણતિ પરના એકત્વ તરફ ઢળી રહી છે, તે પોતાની કચાશ છે. બુદ્ધિમાં નિર્ણય કરે કે મહિમાવંત જ્ઞાયક આત્મા છે, સુખ પણ આમાં છે, બહારમાં સુખ નથી.—આમ નિર્ણય સુધી પોતે આવે છે, પણ પરિણતિ પલટો ખાતી નથી, તે કચાશ છે. વારંવાર જ્ઞાયકની તરફ પરિણતિ રહ્યા કરે તો પલટો ખાય, પરંતુ જ્ઞાયક તરફ પરિણતિ ટકે ક્યારે ? કે પોતા તરફ રહેવાની જરૂરિયાત લાગે તો જ્ઞાયક તરફ પરિણતિ ટકે.

ગુરુદેવે બધાને ગ્રહણ થાય તેવું ચોખ્ખું કરી દીધું છે, આખો માર્ગ ચોખ્ખો કરીને બતાવી દીધો છે.

**પ્રશ્ન :—** *"તત્પ્રતિ પ્રીતિચિત્તેન યેન વાર્તાપિ હિ શ્રુતા" આમાં શું કહેવું છે ?*

**સમાધાન :—** રુચિપૂર્વક વાતો સાંભળે છે તે 'ભાવિ નિર્વાણ ભાજનમ્'. આ વાત અંતરથી રુચિપૂર્વક સાંભળે છે તેની પરિણતિ પલટો ખાધા વગર રહેવાની જ નથી અને તે 'ભાવિ'—ભવિષ્યમાં નિર્વાણનું ભાજન થાય છે. પોતે પુરુષાર્થ કરીને પલટો ખાવાનો છે. જે જિજ્ઞાસુ હોય તેને એમ આવે છે કે મારી પરિણતિ કેવી રીતે પલટો ખાય, એમ તેને પોતાને પુરુષાર્થ કરવાની ભાવના રહે છે.

**પ્રશ્ન :—** *શાસ્ત્ર વાંચવાથી ખોટી હૂંફ કે ઓથ ન આવી જાય ?*

**સમાધાન :—** શાસ્ત્ર વાંચવાથી ખોટી ઓથ આવી જાતી નથી, પણ તેની સાથે પરિણતિમાં કેમ પલટો થાય ? કેમ પુરુષાર્થ કરું ? કેવી રીતે થાય ? એવી ભાવના-લગની લગાડનાર પલટો ખાય છે. પછી ક્યારે પલટો ખાય તે તેની યોગ્યતા પ્રમાણે છે. પણ ભાવના તો એમ રહે કે કેવી રીતે પુરુષાર્થ કરું, પુરુષાર્થ કેમ થાય—આ રીતે પુરુષાર્થ કરવાની જ ભાવના રહે તો પલટો થાય.

**પ્રશ્ન :—** *જ્ઞાયકની રુચિ થતાં સ્વ-પરનો વિવેક શું યથાર્થ આવે ?*

**સમાધાન :—** જ્ઞાયકની રુચિ યથાર્થ હોય તો તેનો વિવેક પણ યથાર્થ હોય છે. સ્વ-પરનો વિવેક કરી, યથાર્થ જ્ઞાન કરે તો યથાર્થ માર્ગ ગ્રહણ થાય. જેની રુચિ યથાર્થ તેનું બધું યથાર્થ. આત્મા સ્વભાવે પૂર્ણ છે. તેની યથાર્થ રુચિ થતાં જ્ઞાન પણ યથાર્થ થાય છે.

મુમુક્ષુ:—નિમિત્તનો વિવેક યથાર્થ આવે !

બહેનશ્રી:—હા, નિમિત્તનો વિવેક યથાર્થ આવે, સ્વભાવનું ગ્રહણ થતાં બધું આવે, નિશ્ચય-વ્યવહારની સંધિ જેમ છે તેમ આવે.

**પ્રશ્ન :—** *સ્વભાવની રુચિવાળા જીવને વિવેક એક પ્રકારનો રહેતો હશે કે કોઈ વખત વિપરીતતા આવે અને કોઈ વખત યથાર્થતા રહેતી હશે ?*

**સમાધાન :—** અનુભવ પહેલાંની રુચિવાળાને એવો નિયમ નથી હોતો. જો સમ્યક્‌ધારા હોય એટલે કે જેને જ્ઞાન સમ્યક્ હોય તેને સદા વિવેક યથાર્થ હોય ને તે પહેલાંની રુચિવાળાને રુચિમાં કંઈક મંદતા આવી જાય તો વિવેકમાં જુદું આવી જાય. રુચિ યથાર્થ રહ્યા કરે તો વિવેક પણ યથાર્થ રહે ને રુચિમાં ફેરફાર થાય તો વિવેકમાં પણ ફેરફાર થાય.

**પ્રશ્ન :—** *ગઈકાલની ચર્ચામાં આવ્યું કે ભેદજ્ઞાન રાગ અને જ્ઞાનસ્વભાવ વચ્ચે કરવાનું છે, દ્રવ્ય અને પર્યાય વચ્ચે નહિ. સમયસાર ગાથા ૩૮માં એમ આવે છે કે નવતત્ત્વથી આત્મા અત્યંત જુદો હોવાથી શુદ્ધ છે, તેમાં સંવર-નિર્જરા-મોક્ષ પણ આવી ગયા. તે ઉપરાંત દ્રવ્યદૃષ્ટિ કરવી અને પર્યાયદૃષ્ટિ છોડવી, તેમાં પણ દ્રવ્ય અને પર્યાય વચ્ચેના ભેદજ્ઞાનનો પ્રસંગ આવ્યો, તેવી રીતે ધ્રુવ અને ઉત્પાદ, નિષ્ક્રિયભાવ અને સક્રિયભાવ—આ બધામાં પણ દ્રવ્ય અને પર્યાય વચ્ચેની ભિન્નતા આવે છે. તો પછી રાગ અને સ્વભાવ વચ્ચેના ભેદજ્ઞાનને પ્રાધાન્ય કેમ આપવામાં આવ્યું ?*

**સમાધાન :—** રાગ તે વિભાવ છે, જ્ઞાન તે સ્વભાવ છે. બંને વચ્ચે સ્વભાવભેદ છે. તેથી તેના ભેદની પ્રાધાન્યતા છે. ગુણ-પર્યાયનો ભેદ તો દૃષ્ટિની અપેક્ષાએ છે, સર્વ અપેક્ષાએ નથી. ગુણ અને પર્યાય અંશ છે. દ્રવ્યદૃષ્ટિ સાધકદશાના જે જે ભેદો પડે તેને તથા ગુણસ્થાન-જીવસ્થાન આદિ બધા ભેદોને ગૌણ કરે છે. કારણ કે આશ્રય દ્રવ્યનો લેવાનો છે, ગુણ-પર્યાયનો નહિ. ગુણ-પર્યાય એવી જાતના જુદા નથી જેવી રીતે રાગથી જુદાપણું છે, બંનેના જુદા-જુદાપણામાં ફેર છે. માટે તે અપેક્ષાએ કીધું હતું કે રાગથી ભેદજ્ઞાન કરવું. તે સ્વભાવ અને વિભાવનું ભેદજ્ઞાન છે અને આ (દ્રવ્ય-પર્યાયના) ભેદજ્ઞાનની અપેક્ષા જુદી છે. ચૈતન્ય પૂર્ણ ઐશ્વર્યશાળી છે તેનો આશ્રય લેવાનો છે, પણ ગુણ કે પર્યાય જે અંશ છે તેનો આશ્રય લેવાનો નથી. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરતાં

દ્રવ્યનો આશ્રય આવે છે અને ગુણ-પર્યાયના ભેદનો આશ્રય છૂટી જાય છે. ત્યારે સાધકદશા અને બીજું બધું ગૌણ થઈ જાય છે.

જેવી રીતે એક શક્તિશાળી રાજા તેના દુશ્મનથી જુદો છે તેવી રીતે તેના સંબંધીઓથી જુદો નથી. જોકે રાજા અને તેના સંબંધીઓ બધાં જુદાં જ છે તે છતાં સંબંધીઓ જુદા અને તેના દુશ્મન જુદા તે બંને વચ્ચેની જુદાઈમાં ફેર છે. અહીં દૃષ્ટિના બળમાં દૃષ્ટિ બધું જુદું પાડે છે. હું કૃત્યકૃત્ય-પૂર્ણ છું, વિભાવ મારાથી અત્યંત જુદો છે એમ જુદું પાડે છે અને વચ્ચે જે સાધકદશાની અધૂરી પર્યાય તથા પૂર્ણ પર્યાય આવે છે તે બધાનું લક્ષ છોડી દે છે. તો પણ જ્ઞાન તેને લક્ષમાં રાખે છે કે આ પર્યાયો છે તે ચૈતન્યની અવસ્થાઓ છે. તેમ જ તે શુદ્ધ પર્યાયો તેના વેદનમાં આવે છે. આમ જ્ઞાન તેનો વિવેક કરે છે. તે અપેક્ષાએ ભેદજ્ઞાન મૂળ રાગથી કરવાનું છે. જ્યારે ગુણ-પર્યાયના ભેદજ્ઞાનમાં એવી જાતનો ભેદ છે કે દૃષ્ટિનો આશ્રય દ્રવ્ય ઉપર જાય છે, (ગુણ-પર્યાય ઉપર નહીં) માટે તે બધાનો ભેદ કરવાનો છે.

જેવો ભેદ રાગથી કરવાનો છે તેવો ભેદ ગુણ-પર્યાયથી નથી કરવાનો. ભેદ-ભેદમાં ફેર છે. માટે મૂળ રાગથી ભેદજ્ઞાન કરવાનું છે અને આનો (ગુણ-પર્યાયનો) વિવેક કરવાનો રહે છે. જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ બધા ગુણો છે તે ચૈતન્યના એક-એક અંશો છે અને ચૈતન્ય અખંડ પૂર્ણ શક્તિવાન છે. એક-એક અંશનો આશ્રય લેવાનો નથી, કેમકે તે અંશો છે, માટે તે બધાને ગૌણ કરવાના છે. દૃષ્ટિ તે બધાને કાઢી નાખે છે, નિમિત્ત અપેક્ષાએ જે અધૂરી–પૂર્ણ પર્યાય થઈ તે બધાને પણ દૃષ્ટિ જુદી કરે છે અને હું તો એક પૂર્ણ છું, કૃત્યકૃત્ય છું એમ સ્વીકારે છે.

હું એક, પૂર્ણ છું એમ દૃષ્ટિના બળમાં બધું નીકળી જાય છે. પણ એકાંતે જો તે પૂર્ણ જ હોય તો સાધકદશા રહેતી નથી. તેમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ બધી અવસ્થાઓ તો થાય છે. તેથી તેનો જ્ઞાન વિવેક કરે છે કે કોઈ અપેક્ષાએ આ ગુણો ચૈતન્યના છે; ચારિત્રની પર્યાય પ્રગટે તે ચૈતન્યની છે, જ્ઞાન–ચારિત્ર વગેરે બધું ચૈતન્યમાં પ્રગટે છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ મૂકવાથી બધું પ્રગટે છે, માટે નવતત્ત્વની પરિપાટી છોડીને મને એક આત્મા પ્રગટ થાવ. નવતત્ત્વની પરિપાટી ઉપર દૃષ્ટિ મૂકવાની નથી, આત્મા ઉપર દૃષ્ટિ મૂકવાની છે. આત્મા ઉપર દૃષ્ટિ મૂકવાથી બધી નિર્મળ પર્યાયો પ્રગટે છે, પણ તે પર્યાયનો આશ્રય લેવાનો નથી. જેમ વિભાવ જુદો છે એવી રીતે નિર્મળ પર્યાયો જુદી નથી. સ્વાનુભૂતિનું વેદન—વીતરાગદશાનું વેદન—આવે છે, માટે જેવી રીતે વિભાવથી જુદું પડવાનું છે એવી રીતે શુદ્ધ પર્યાયથી જુદું પડવાનું નથી. આમ બધી અપેક્ષાએ સમજવું.

*

[તા. ૧૦-૧૧-૨૦૦૩]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | |
|---|---|
| પ્રાત: | : પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાત: | : જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : શ્રી સમયસાર (૧૫મી વારના) પર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : શ્રી પંચાસ્તિકાયસંગ્રહ ઉપર શાસ્ત્ર વાંચન |
| બપોરે વાંચન પહેલાં | : પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઉપકૃતભાવભીની સ્તુતિ |
| બપોરે વાંચન પછી | : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૧૫ થી ૫-૦૦ | : જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : શ્રી 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |

**શ્રી કુંદકુંદ-આચાર્યપદારોહણદિન :—** આપણા પરમપૂજ્ય દિગંબર-આચાર્યશિરોમણિ ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવનો 'આચાર્યપદારોહણદિન' માગશર વદ-૮, બુધવાર, તા. ૧૭-૧૨-૨૦૦૩ના દિવસે છે. આ અવસરે શ્રી સીમંધરસ્વામી-સમવસરણ મંદિરમાં પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક સંપન્ન કરવામાં આવશે.

**ધાર્મિક શિક્ષણવર્ગ :—** ડિસેમ્બર મહિનાની રજાઓમાં તા. ૨૪-૧૨-૨૦૦૩, બુધવારથી તા. ૨-૧-૨૦૦૪, શુક્રવાર—૧૦ દિવસ સુધી સોનગઢમાં 'ધાર્મિક શિક્ષણવર્ગ'નું આયોજન કરવામાં આવ્યું છે. અધ્યાત્મવિદ્યાના શિક્ષણાર્થિયોને સોનગઢ પધારવાનું ટ્રસ્ટ તરફથી નિમંત્રણ છે.

## * પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ *

**વાંકાનેર (સૌરાષ્ટ્ર)ના પૂજ્ય ગુરુદેવશ્રીના કરકમળથી પ્રતિષ્ઠિત શ્રી વર્ધમાન દિ. જિનમંદિરના** ચોકમાં નવનિર્મિત શ્રી સીમંધરસ્વામી-સવસરણ આદિનો પંચકલ્યાણક-પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૨૨-૪-૨૦૦૪, ગુરુવારથી તા. ૨૭-૪-૨૦૦૪, મંગળવાર (વૈશાખ સુદ-૭)—છ દિવસનો રાખેલ છે. વિશેષ સમાચાર હવે પછી.

*

## વૈરાગ્ય સમાચાર—

સરારનિવાસી (હાલ-વડોદરા) શ્રી ભાઈલાલભાઈ મોતીભાઈ તા. ૧૭-૯-૨૦૦૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

રાણીપ (અમદાવાદ)નિવાસી શ્રી ચીમનલાલ પ્રેમજીભાઈ ગોસલીયા તા. ૨૯-૯-૦૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

લંડનનિવાસી શ્રી પ્રેમચંદભાઈ દેવશીભાઈ શાહ (વર્ષ-૭૯) તા. ૩૦-૯-૨૦૦૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

વિંછીયાનિવાસી (હાલ-રાજકોટ) શ્રી શાંતાબેન બાપાલાલ ગાંધી (વર્ષ-૮૯) તા. ૨૦-૧૦-૨૦૦૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

લંડનનિવાસી શ્રી ભગવાનજીભાઈ કચરાભાઈ શાહ (વર્ષ-૯૯) તા. ૧૬-૧૦-૨૦૦૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. પચાસેક વર્ષ પહેલાં પૂજ્ય ગુરુદેવશ્રીના સત્સમાગમમાં આવતાં, તેઓએ સોનગઢમાં મકાન બનાવીને કાયમી ધોરણે ઘણા વર્ષો સુધી નિવાસ કર્યો હતો. લંડનમાં રહીને પણ તેઓ નિયમિત આઠેક કલાક સ્વાધ્યાય કરતા હતા. પ્રભાવનાના અનેક ક્ષેત્રોમાં તેઓએ તન-મન-ધનથી ઉત્સાહપૂર્વક લાભ લીધો હતો. લંડનમાં પણ આગામી વર્ષોમાં જિનમંદિર બની રહ્યું છે તેમાં તેઓનો ઘણો ફાળો રહ્યો છે. તેમની અધ્યાત્મરુચિના કારણે તેમનો વિશાળ પરિવાર પણ અધ્યાત્મરસિક બન્યો. તેઓએ અધ્યાત્મરત જીવનપૂર્વક દેહ છોડ્યો હતો.

વિંછીયાનિવાસી શ્રી મનસુખલાલ જીવણલાલ બોટાદરા (વર્ષ-૮૭) તા. ૨૪-૯-૨૦૦૩ના રોજ કલકત્તા મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

*

ધન, પરિજન (દાસ-દાસી), સ્ત્રી, ભાઈ ઔર મિત્ર આદિકે મધ્યમેંસે જો ઈસ પ્રાણીકે સાથ જાતા હૈ ઐસા યહ એક ભી કોઈ નહીં હૈ. ફિર ભી પ્રાણી વિવેકસે રહિત હોકર ઉન સબકે વિષયમેં તો અનુરાગ કરતે હૈં, કિન્તુ ઉસ ધર્મકો નહીં કરતે હૈં જો કિ જાનેવાલેકે સાથ જાતા હૈ.

*—શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૯*

## ❀ પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર ❀

❀ અરે પ્રભુ ! નિમિત્તથી ઉપાદાનમાં કાંઈ કાર્ય થતું જ નથી. જ્ઞાન થવાની યોગ્યતા અનુસાર સમયસાર આદિ નિમિત્ત તો સહજ હોય છે. દરેક દ્રવ્યની પર્યાય તે તે સમયની યોગ્યતાથી જ સ્વતંત્ર કાર્યરૂપે પરિણમે છે તેમાં નિમિત્તભૂત અન્ય દ્રવ્ય અકિંચિત્કર છે. ''યોગ્યતા જ સર્વત્ર શરણરૂપ છે.'' કોઈ દ્રવ્ય અન્ય દ્રવ્યને લાવી શકે કે અન્ય દ્રવ્યમાં ફેરફાર કરી શકે કે ક્ષેત્રાંતર કરી શકે છે તેમ માનનાર સર્વજ્ઞની આજ્ઞા બહાર છે, મિથ્યાદૃષ્ટિ છે. દર્શનમોહથી મિથ્યાત્વ થયું, જ્ઞાનાવરણીથી જ્ઞાન હીણું થયું આદિ કથનો શાસ્ત્રમાં આવે છે તે તો ઉપાદાનથી થતાં કાર્યકાળે નિમિત્ત કેવું હોય છે તેનું જ્ઞાન કરાવવા વ્યવહારથી કથન કરવામાં આવે છે. ૨૯૬.

❀ જોકે કર્મ તથા ભાવકર્મ આત્મા સાથે આકાશના એક ક્ષેત્રાવગાહરૂપ છે, જે આકાશના પ્રદેશમાં શુદ્ધ ચેતના છે તે જ પ્રદેશમાં વિકાર છે પણ પોતાના પ્રદેશની અપેક્ષાએ જોઈએ તો એક ક્ષેત્રાવગાહરૂપ નથી. નિત્યતાદાત્મ્યપણે તો નથી પણ અનિત્ય-તાદાત્મ્યપણે પણ નથી. વિકાર ને આત્માની વચ્ચે સંધિ છે, કેમ કે બે કહેતાં બે એક થયા જ નથી, બે વચ્ચે સંધિ છે. ચેતનામાત્ર દ્રવ્ય, જાણન-દેખન સ્વરૂપ આત્મા શુદ્ધ સ્વરૂપ એક વસ્તુ ને વિકાર બીજી વસ્તુ છે, કેમ કે શુભાશુભ ભાવ આસ્રવતત્ત્વ છે ને આત્મા જીવતત્ત્વ છે. વિકાર ભલે પર્યાયરૂપ છે પણ તે તત્ત્વરૂપ છે, તેમાં સપ્તભંગી ઊઠે છે. ૨૯૭.

❀ વીતરાગભાવસ્વરૂપ આત્મા છે તે વીતરાગભાવથી પ્રાપ્ત થાય છે; સર્વજ્ઞ પરમાત્મા પ્રત્યેના પ્રેમનો પણ તેમાં અવકાશ નથી. બહારનું બધું ભૂલી જા. શરીર–વાણી–મનને ભૂલી જા, રાગને ભૂલી જા, એક સમયની પર્યાયને પણ ભૂલી જા. આકાશના અનંતા પ્રદેશ કરતાં પણ અનંતગુણા ગુણો આત્મામાં છે અને એક એક ગુણમાં અનંત ગુણનું રૂપ છે, અને એક એક ગુણની પર્યાયમાં ષટ્કારકો છે—આવો ભગવાન આત્મા છે, ત્રણલોકનો નાથ છે, પણ કોડી કોડી માટે ભીખારો થઈને ફરે છે ! ૨૯૮.

*

## * આત્મા મુક્ત જ છે *

અરે જીવ! એકવાર બીજું બધું ભૂલી જા ને તારી નિજ શક્તિને સંભાળ! પર્યાયમાં સંસાર છે, વિકાર છે એ ભૂલી જા ને નિજશક્તિની સન્મુખ જો તો તેમાં સંસાર છે જ નહિ. ચૈતન્યશક્તિમાં સંસાર હતો જ નહિ, છે જ નહિ ને થશે પણ નહિ. લ્યો, આ મોક્ષ! આવા સ્વભાવની દૃષ્ટિથી આત્મા મુક્ત જ છે. માટે એકવાર બીજું બધુંય લક્ષમાંથી છોડી દે ને આવા ચિદાનંદ સ્વભાવમાં લક્ષને એકાગ્ર કર તો તને મોક્ષની શંકા રહેશે નહિ, અલ્પકાળમાં અવશ્ય મુક્તિ થઈ જશે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

સ્થળ : જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ,
સોનગઢ–૩૬૪૨૫૦

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]

Email : C/o vshahco@yahoo.com
Fax : (02846) 44334